**ફોજદારી કેસ નં.૫૦૨/૨૦૨૬**

**આરોપી નં.ર ઈરફાનખાન ઈસ્લામખાન ઉર્ફે ઈસ્માઈલ પઠાણ ની જામીન અરજી**

**નીચે હુકમ. :–**

(૧) સાંભળ્યા, અરજી તેમજ રેકર્ડ વંચાણે લીધા.

(ર) અરજદાર/આરોપીની હાલની અરજી, ચાર્જશીટ બાદ જામીન ઉપર મુકત થવા અરજ કરતી કરેલ છે. અરજદાર/આરોપીના વિ.વ.શ્રી.ડી.એચ.ગરચર દલીલ કરી જણાવે છે કે, આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ નથી. આરોપીને સદર ગુનામાં ખોટી રીતે સંડોવેલા છે. આરોપી તદ્દન નિર્દોર્ષ છે. હાલના અરજદાર/આરોપીને અન્ય આરોપીના નિવેદનના આધારે ગુનામાં સંડોવવામાં આવેલ છે. અરજદાર/આરોપી પાસેથી કોઇ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. અરજદાર/આરોપી કુંટુંબ કબીલા અને બાલ બચ્ચાવાળા ઈસમ છે. તેમના કુંટુંબની તમામ જવાબદારી આરોપીના શીરે છે. જો આરોપીને જામીન મુકત કરવામાં ન આવે તો આરોપીના કુંટુંબને ભુખે મરવાનો વારો આવે. આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર છે અને જે શરતો ફરમાવે તે શરતોનું પાલન કરવા તૈયાર છે. ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમીત હાજર રહેશે તેમજ શરતોનું ચુસ્તપણે પાલન કરશે.તેમજ વધુમા જણાવે છે કે અન્ય આરોપીને નામ.હાઈકોર્ટે જામીન મુકત કરેલ છે.તેમ જણાવી શરતોને આધીન જામીન અરજી મંજુર કરવાની રજુઆત કરવામાં આવેલ છે.

(૩) સદર અરજી દાખલ થતા અત્રેની કોર્ટના રેગ્યુલર એ.પી.પીશ્રી રજા ઉપર હોય ઈન્ચાર્જ એ.પી.પીશ્રી જે.એન.શ્રીમાળી માગરોળનાઓનીવિડીયો કોન્ફરંન્સ મારફતે દલિલ સાભળી.તેઓએ મૌખિક દલીલ દરમ્યાન અરજીનો વિરોધ કરતા જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી દ્વારા અન્ય આરોપીની મદદગારીમાં રહી ગુનો આચરવામાં આવેલ છે. આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ બી. એન. એસ. કલમ– ૩૧૮(૩), ૩૧૮(૪), ૩૩૬(૨),૩૩૬(૩) ૩૩૮, ૩૪૦, ૩૪૫, ૩૪૭(૧), ૩૪૯, ૩૫૦, ૫૪ તથા ટ્રેડ એન્ડ મર્કેન્ટાઈલ એકટ ૧૯૫૮ની કલમ– ૭૮,૭૯ તથા ટ્રેડ માર્ક એકટની કલમ–૧૦૩,૧૦૪,૧૦૮ મુજબનો

જન્મટીપની સજા સુધીનો ગંભીર પ્રકારનો ગુનો નોંધાયેલ છે.આરોપીને સદર કામે અગાઉ જામીન અરજી ના મંજુર કરવામાં આવેલ છે અને નામ.સેશન્સ કોર્ટ ધ્વરા પણ સદર આરોપી અરજદારની જામીન અરજી ના મંજુર કરવામાં આવેલ છે.હાલના કામે આરોપીએ ચાર્જશીટ થયા બાદ હાલની જામીન અરજી રજુ કરેલ છે પરંતુ ચાર્જશીટ થયા બાદ શુ સંજોગો બદલાયેલ છે તે જણાવેલ નથી કે કોઈ નવા સંજોગો બદલાયેલ નથી.વધુમા જણાવે છે કે હાલના આરોપી તથા અન્ય આરોપીઓએ ફરીયાદીની કંપનીને આર્થિક નુકશાન કરવાના ઈરાદે ફરીયાદીની કંપનીના બ્રાન્ડના લેબલો તેમજ ટ્રેડમાર્ક જેવા જ પ્રિન્ટીંગના બનાવટી રેપર બનાવી તેમાં બનાવટી બિડીનો જથ્થો રાખી આ બનાવટી નિશાનો વાળો માલ આરોપીએ સદરહુ માલ બનાવટી હોવાનું જાણવા છતાં ફરીયાદીની કંપની તરફથી આરોપીને આ માલ બનાવવાનો કે વેચાણ કરવાનો કોઈ અધિકાર આપેલ ન હોવા છતાં સદરહું માલ છુટક વેચાણ અર્થે બજારમાં ઓરીજન્લ તરીકે વેચાણ કરી ફરીયાદીની કંપનીની આર્થિક નુકશાન કરી ગુનો કરેલ છે. આરોપી વિરુધ્ધ આજીવન કેદ અથવા દસ વર્ષની સજાને પાત્ર ગુનો નોંધાયેલ છે. જેથી અત્રેની કોર્ટને આરોપીને જામીન મુકત કરવાની સત્તા નથી. તેમજ આરોપી અમરેલી જિલ્લાના રહેવાસી હોય, જામીન મુકત કરવામાં આવશે તો તેમની હાજરી પણ મળી રહે તમે ન હોય, જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો તેઓ સાહેદો તથા ફરીયાદી ઉપર પ્રભાવ પાડે તેમ છે. તેમજ જો આરોપીને જામીન મુકત કરવામાં આવે તો આવા ગુનાને પ્રોત્સાહન મળે તેમ હોય તેમજ સમાજ પર તેની વિપરીત અસર થાય તેમ હોય, ગુનાની ગંભીરતા ધ્યાને લઈ હાલની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે.

(૪) હાલની જામીન અરજીના કામે પક્ષકારો તરફેની રજુઆત તથા જામીન અરજી તેમજ સમગ્ર રેકર્ડ વંચાણે લીધા. આ કામના અરજદાર/આરોપી બી. એન. એસ. કલમ- ૩૧૮(૩), ૩૧૮(૪), ૩૩૬(૨), ૩૩૮, ૩૩૬(૩), ૩૪૦, ૩૪૫, ૩૪૭(૧), ૩૪૯, ૩૫૦, ૫૪ તથા ટ્રેડ એન્ડ મર્કેન્ટાઈલ એકટ ૧૯૫૮ની કલમ- ૭૮,૭૯ તથા ટ્રેડ માર્ક એકટની કલમ-૧૦૩,૧૦૪,૧૦૮ મુજબનો ગુનો નોંધાયેલ છે. તથા ગુનાની હકીકત જોતાં આ કામના આરોપીએ ફરીયાદીની કંપનીને આર્થિક નુકશાન કરવાના ઈરાદે ફરીયાદીની કંપનીના બ્રાન્ડના લેબલો તેમજ ટ્રેડમાર્ક જેવા

જ પ્રિન્ટીંગના બનાવટી રેપર બનાવી તેમાં બનાવટી બિડીનો જથ્થો રાખી આ બનાવટી નિશાનો વાળો માલ આરોપીએ સદરહુ માલ બનાવટી હોવાનું જાણવા છતાં ફરીયાદીની કંપની તરફથી આરોપીને આ માલ બનાવવાનો કે વેચાણ કરવાનો કોઇ અધિકાર આપેલ ન હોવા છતાં સદરહું માલ છુટક વેચાણ અર્થે બજારમાં ઓરીજન્લ તરીકે વેચાણ કરી ફરીયાદીની કંપનીની આર્થિક નુકશાન કરી ગુનો કરેલ હોવાનું હાલના તબકકે જણાઇ આવે છે. સદર ગુનાની સજાની જોગવાઇ ધ્યાને લેતાં આજીવન કેદ અથવા દસ વર્ષની કેદની સજાની જોગવાઈ છે. ત્યારે આવા કેસ હળવાશથી લઈ શકાય નહી. હાલના આરોપી/અરજદારની ગંભીર સ્વરૂપના ગુનામાં સંડોવણી હોવાનું સમગ્ર પેપર્સ જોતા હાલના તબકકે જણાય છે. જેથી આવા ગંભીર ગુનામાં જો અદાલત જામીન મુકિત માટે હળવું વલણ દાખવે તો સમાજ ઉપર તેની અવળી અસર પડે અને આડકતરી રીતે આવા ગુના કરવાવાળાને પ્રોત્સાહન મળે તેવું હાલના તબકકે જણાય છે. આમ, અરજદાર/આરોપીસામે નોંધાયેલા ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ અને તેની સમાજમાં બહોળા વર્ગ ઉપર થતી અસરો તથા ભવિષ્યમાં થતી અસરોને ધ્યાને લેતા તથા હાલના ગુનામાં આરોપીએ ગુનો કરેલાનું પ્રથમદર્શનીય રીતે ફલીત થતુ હોય,તેમજ અરજદાર/આરોપી બહારના જિલ્લાના વતની હોય તેઓની હાજરી સુનિશ્ચિત થઈ શકે તેમ નહોવાનુ જણાઈ આવતુ હોય, તથા આરોપી વિરુધ્ધ ચાર્જશીટ થયેલ હોવાથી સદર કામે શુ સંજોગો બદલાયેલ છે તે બાબતે અરજદાર તરફે તેમની અરજીમા કોઈ હકીકતો જણાવેલ નહોય કે અરજદાર ના વિ.વ.શ્રીએ પણ તે સબં ધે કોઈ દલિલ કરેલ નહોય અરજદાર સામે પ્રથમ દર્શનીય ગુનો આચરવાનો આક્ષેપ છે. આક્ષેપીત ગુન્હાઓની સજાની જોગવાઇ તેમજ ગુન્હાની ગંભીરતા જોતા અરજદારને આરોપીને જામીન ઉપર મુક્ત કરવાનું ન્યાયોચિત જણાતું નથી. તેમજ જામીન અરજી સંબંધે નામદાર ઉચ્ચ અદાલત ધ્વારા **અફજલખાન ઉર્ફે બાબુ મુર્તુજાખાન પઠાણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૦૭(૩) જી.એલ.આર. સુપ્રીમ કોર્ટ, પાન નં.૨૨૮૩,** ફેંસલ તા.૧૭/૫/૦૭ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરવામાં આવેલ સિધ્ધાંત મુજબ જામીન અરજી મંજુર કે નામંજુર કરતા હુકમમાં ડીટેલમાં

કારણોની ચર્ચા કરવી જરૂરી નથી.આમ, હાલના કામે આરોપી સામે ગંભીર ગુનાઓ નોંધાયેલ છે અને આવા ગંભીર ગુનામાં જો અદાલત જામીન મુક્તિ માટે હળવું વલણ દાખવે તો સમાજમાં તેની દુરોગામી ગંભીર નુકશાનકારક અસરો પડે. આમ, આરોપી/અરજદાર સામે આક્ષેપિત ગુનો, સજા અંગેની જોગવાઇ ધ્યાને લેતાં,એકમાત્ર ચાર્જશીટ થયેલ હોવાના કારણસર વિવેકબુદ્ધિની સત્તા વાપરી આરોપીને જામીન મુક્ત કરવા ન્યાયોચિત જણાતુ ન હોઇ ન્યાયના હીતમા નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## **– : : હુકમ : : –**

અરજદાર /આરોપી ની હાલની જામીન અરજી આથી **નામંજૂર** યાને કે રદ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ ૮મી માહે : જુન, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.**

તારીખ–૦૮/૦૬/૨૦૨૬
સ્થળ – કેશોદ.

(વાલજીભાઇ શાંમજીભાઇ પટેલ)
એડી. ચીફ જ્યુડી.મેજી.–કેશોદ.
(કોડ જી.જે.૦૧૪૮૪)